*This Question Paper contains 4 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 148(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે 45 પ્રશ્નો અને એક નકશો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સામે લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે ઉત્તર લખવા
5) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

1) 'ઈતિહાસ ઉપર ભૂમિનો પ્રભાવ' ને મહત્ત્વ આપનાર ..........
   (A) બકલ (B) કાન્ટ
   (C) સ્ટ્રાબો (D) હંટિંગ્ટન

2) યહૂદીઓએ પશ્ચિમ એશિયાના રણ વિસ્તારમાં કયો નવો દેશ વસાવ્યો ?
   (A) કેન્યા (B) યુગાન્ડા
   (C) ઇઝરાયલ (D) અફઘાનિસ્તાન

3) ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કયા ખંડમાં થઈ હતી ?
   (A) ઉત્તર અમેરિકા (B) યુરોપ
   (C) એશિયા (D) આફ્રિકા

4) ઉચ્ચ કક્ષાના નિર્ણાયકો કઈ પ્રવૃત્તિ સાથે જોડાયેલા ગણાય છે ?
   (A) ચતુર્થક (B) પ્રાથમિક
   (C) તૃતીયક (D) પંચમ

5) પરિવહનનું કયું વાહન પ્રદૂષણ ફેલાવતું નથી ?
   (A) રેલ (B) બસ
   (C) સાઇકલ (D) વિમાન

6) ભારતમાં રેડિયોનું પ્રથમ પ્રસારણ ક્યારે થયું ?
   (A) 1923 (B) 1975
   (C) 1936 (D) 1957



https://www.gujaratboardonline.com

7) આસિયાન સંગઠનનું વડુ મથક ક્યાં આવેલું છે ?
   (A) વિયેના (B) દુબઈ
   (C) સિંગાપોર (D) જાકાર્તા

8) જ્યાં ઘણા માર્ગો ભેગા થતા હોય તેવા સ્થળે કઈ વસાહત વિકાસ પામે છે ?
   (A) આયતાકાર (B) તારક આકાર
   (C) ત્રિકોણીય (D) ચક્રીય

9) સમમૂલ્ય રેખા પદ્ધતિમાં શું દર્શાવી શકાય ?
   (A) વસ્તીની ગીચતા (B) ભાષાઓનું વિતરણ
   (C) તાપમાનનું વિતરણ (D) ખેત ઉત્પાદન

10) આંકડાકીય માહિતીનું ઉત્તમ નકશાંકન કરવાની પ્રણાલી કઈ છે ?
   (A) GIS (B) IAS
   (C) IPS (D) SMS

## વિભાગ - B

■ **નીચે આપેલા 11 થી 20 સુધીના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. દરેકના 1 ગુણ છે.** **[10]**

11) સાંસ્કૃતિક પર્યાવરણમાં કયાં તત્ત્વોનો સમાવેશ થાય છે ?

12) પર્વતીય પ્રદેશના લોકો કયા પ્રાણીઓને પાળે છે ?

13) સિલિકોન વેલી એટલે શું ?

14) સુએઝ નહેર કયા બે સમુદ્રોને જોડે છે ?

15) વિશ્વમાં સૌ પ્રથમ કયું સમાચાર પત્ર પ્રકાશિત થયું હતું ?

16) આદિમ સમાજમાં વ્યાપારના પ્રારંભિક સ્વરૂપની કઈ વ્યવસ્થા હતી ?

17) ગ્રિફિથ ટેઈલરે વસાહતની કઈ વ્યાખ્યા આપી છે ?

18) નાટમોનું પૂરું નામ લખો.

19) કઈ પદ્ધતિનો ઉપયોગ વસ્તી અને તેનાં જુદાં-જુદાં પાસાં દર્શાવવા માટે કરવામાં આવે છે ?

20) વેક્ટર ડેટા એટલે શું ?

## વિભાગ - C

**નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** **[20]**

21) વસ્તી ગીચતા પર અસર કરતાં પરિબળો જણાવો

22) દ્વિતીયક પ્રવૃત્તિ એટલે શું ? તેનાં ઉદાહરણ આપો.

**અથવા**



https://www.gujaratboardonline.com

ખનીજ એટલે શું ? તેના પ્રકાર લખો.

23) ચતુર્થક પ્રવૃત્તિ એટલે શું ? તેનું કાર્ય જણાવો.

24) વ્યક્તિગત સંચારતંત્રના સાધનો જણાવો.

25) આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારની વ્યાખ્યા આપો.

26) ગેરકાયદેસર વસાહતોમાં કઈ સુવિધાઓનો અભાવ હોય છે ?

27) પશુ સંસાધન સમસ્યાઓના ઉકેલ જણાવો.

28) નીચે આપેલી માહિતીના આધારે તેનો બહુલક શોધો.

25, 37, 55, 31, 25, 43, 25

**અથવા**

નીચે આપેલી માહિતીનો મધ્યક શોધો.

90, 23, 82, 72, 30, 45

29) પ્રશ્નાવલિ એટલે શું ? પ્રશ્નાવલિના પ્રશ્નોના જવાબ કઈ રીતે મેળવી શકાય છે ?

30) રંગછાયા પદ્ધતિની ખામીઓ જણાવો.

## વિભાગ - D

**નીચેના 31 થી 40 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. પ્રત્યેકના 3 ગુણ છે.** **[30]**

31) માનવ ભૂગોળના ત્રણ કાર્યો સ્પષ્ટ કરો.

32) અસ્થાયી પશુપાલન - ટૂંક નોંધ લખો.

**અથવા**

લઘુ ઉદ્યોગ અને મોટા પાયાના ઉદ્યોગ વચ્ચેનો તફાવત આપો.

33) તૃતીયક પ્રવૃત્તિઓમાં પરિવહન સેવાઓ અને મનોરંજન સેવાઓ વિશે માહિતી આપો.

34) પરિવહનનાં માધ્યમ તરીકે રોપ-વેની ચર્ચા કરો.

35) ટૂંકનોંધ લખો : આકાશવાણી (ઓલ ઇન્ડિયા રેડિયો)

36) ભારતના વિદેશ વ્યાપારની તરાહ સમજાવો.

37) ભૂમિ પ્રદૂષણ એટલે શું ? તેની અસર જણાવો.

38) નીચે આપેલી આંકડાકીય માહિતીનો મધ્યસ્થ શોધો.

240, 255, 220, 210, 145, 285, 195



https://www.gujaratboardonline.com

39) ઓલિમ્પિક રમતોત્સવ ચંદ્રક વિજેતા દેશોની આંકડાકીય માહિતી નીચે દર્શાવી છે તે પરથી વિભાજિત વર્તુળની રચના કરો.

| દેશોના નામ | ભારત | યુ.એસ.એ. | ચીન | રશિયા | જાપાન |
|---|---|---|---|---|---|
| ચંદ્રકોની સંખ્યા | 35% | 25% | 15% | 15% | 10% |

અથવા

સમમૂલ્ય રેખા પદ્ધતિ વિશે ટૂંકનોંધ લખો.

40) હાર્ડવેર અને સોફ્ટવેરનો પરિચય આપો.

## વિભાગ - E

**નીચે આપેલા 41 થી 45 સુધીના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો અને 46 પ્રશ્નમાં નકશાપૂર્તિ કરો. પ્રત્યેકના 5 ગુણ છે.** [30]

41) માનવ વિકાસ એટલે શું ? તેના માપન વિશે સમજૂતિ આપો.

42) પરિવહનનાં માધ્યમો જણાવી સડકમાર્ગોનું મહત્ત્વ સમજાવો.

અથવા

વિશ્વના મહત્ત્વના રેલમાર્ગો વિશે સવિસ્તાર નોંધ લખો.

43) શહેરી વસાહતોનું કાર્યકારીતાના આધારે વર્ગીકરણ સમજાવો.

44) જળસંસાધન સંબંધી સમસ્યાઓ જણાવી તેના ઉકેલ જણાવો.

45) ગરીબીનો અર્થ સમજાવી તે દૂર કરવાના ઉપાયો જણાવો.

અથવા

ધ્વનિ પ્રદૂષણ અને તેની અસરો વિશે સવિસ્તાર નોંધ લખો.

46) તમને આપવામાં આવેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો.

1. ભારતનું ક્ષેત્રફળની દૃષ્ટિએ સૌથી મોટું રાજ્ય (રાજસ્થાન)
2. દિલ્હીથી કોલકાતા જતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 2 અને તેના પર આવેલું એક અટકસ્થાન
3. સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (કંડલા)
4. નૌ - સેના કેન્દ્ર (કોચી)
5. ઊન ઉત્પાદન કેન્દ્ર (શ્રીનગર)

**નોંધ :** અંધ ઉમેદવારોએ પ્રશ્ન નં. 46 ના ઉત્તર લખવા.

◆◆◆

https://www.gujaratboardonline.com